# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

પો.બો.નં.–૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫

ફોનઃ(૦૨૭૬૬)૨૩૭૦૦૦ ફેકસઃ (૦૨૭૬૬)૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in, ce@ngu.ac.in Website:www.ngu.ac.in.


**ખાસ અગત્યનું** નં. પરીક્ષા / પનિ / ૧૩ / ૨૦૨૦

તા. ૧૩ / ૦૮ / ૨૦૨૦

પ્રતિ,

તમામ આચાર્યશ્રી, અધ્યક્ષશ્રીઓ, કો–ઓર્ડીનેટરશ્રીઓ

હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના તમામ વિદ્યાર્થીઓ

વિષય :– બીજા તબકકામાં લેવાનાર ઓનલાઈન પરીક્ષાઓ અંગે .

શ્રીમાન,

નોવેલ કોરોના વાયરસ–૧૯ અંગે વૈશ્વિક મહામારીને કારણે હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ધ્વારા માર્ચ–જુન, ૨૦૨૦માં પ્રથમ તબકકામાં ૨૬ પરીક્ષાઓ સફળતાપુર્વક ઓનલાઈન પધ્ધતિથી લેવામાં આવેલ છે. હવે બાકી રહેલી કુલ ૨૭ જેટલી પરીક્ષાઓ પણ ઓનલાઈન પધ્ધતિથી લેવાની તૈયારી હાથ ધરેલ છે. જે અનુસંધાને તમામ વિદ્યાર્થીઓએ નીચેની બાબતોનું ખાસ ધ્યાન રાખવું.

૧. ઓનલાઈન પરીક્ષાઓ તમામ વિદ્યાર્થીઓ માટે ફરજીયાત છે. આથી યુનિવર્સિટી ધ્વારા બાકી રહેલ પરીક્ષાઓ માટે રજીસ્ટ્રેશન કરવાની તારીખો જાહેર કરવામાં આવેલ છે જે પ્રમાણે રજીસ્ટ્રેશન ફરજીયાત કરવાનું રહેશે.

૨. ઓનલાઈન પરીક્ષાના પરીણામથી અસંતોષ હોય તેવા વિદ્યાર્થીઓ માટે ઓફલાઈન પરીક્ષા જયારે અનુકુળ વાતાવરણ થાય ત્યારે લેવામાં આવશે.

૩. પરીક્ષાના વિષયવાર ગુણ, પ્રશ્નો તથા સમય નીચે પ્રમાણે રહેશે.

૩.૧ જો પ્રશ્નપત્ર ૧૦૦ ગુણનું હોય તો ૭૦ પ્રશ્નો પુછાશે તેમાંથી પરીક્ષાર્થીએ ગમે તે ૫૦ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. એટલે કે એક પ્રશ્નના બે ગુણ રહેશે. તેના માટે તેને ૬૦ મીનીટનો સમય આપવામાં આવશે.

**૩.૨ જો પ્રશ્નપત્ર ૭૦ ગુણનું હોય તો ૫૦ પ્રશ્નો પુછાશે તેમાંથી પરીક્ષાર્થીએ ગમે તે ૩૫ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. એટલે કે એક પ્રશ્નના બે ગુણ રહેશે. તેના માટે તેને ૪૫ મીનીટનો સમય આપવામાં આવશે.**

૩.૩ જો પ્રશ્નપત્ર ૫૦ ગુણનું હોય તો ૩૫ પ્રશ્નો પુછાશે તેમાંથી પરીક્ષાર્થીએ ગમે તે ૨૫ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. એટલે કે એક પ્રશ્નના બે ગુણ રહેશે. તેના માટે તેને ૩૫ મીનીટનો સમય આપવામાં આવશે.

૩.૪ જો પ્રશ્નપત્ર ૩૫ ગુણનું હોય તો ૨૫ પ્રશ્નો પુછાશે તેમાંથી પરીક્ષાર્થીએ ગમે તે ૧૮ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. એટલે કે એક પ્રશ્નના બે ગુણ રહેશે. તેના માટે તેને ૨૫ મીનીટનો સમય આપવામાં આવશે.

૩.૫ બી.એસ.સી. સેમ–૬ તથા એમ.એસ.સી.માં મેથેમેટીકસ વિષયમાં પ્રશ્નોની સંખ્યા અને પ્રશ્નદીઠ ગુણભાર નીચે મુજબ રહેશે.

| કુલ ગુણ | કુલ પ્રશ્નો | લખવાના થતાં પ્રશ્નો | સમય (મિનિટમાં) | ગુણભાર પ્રતિ પ્રશ્ન |
|---|---|---|---|---|
| ૯૦ | ૩૫ | ૨૫ | ૫૦ | ૩.૬ |
| ૭૦ | ૩૫ | ૨૫ | ૫૦ | ૨.૮ |
| ૫૦ | ૩૫ | ૨૫ | ૫૦ | ૨.૦ |
| ૩૫ | ૨૦ | ૧૪ | ૨૫ | ૨.૫ |

૪. વિદ્યાર્થી ઘરે બેઠાં પરીક્ષા આપી શકશે. તેમજ જે વિદ્યાર્થી પાસે ઓનલાઈન પરીક્ષા આપવા માટે મોબાઈલ તેમજ ઈન્ટરનેટની સગવડ ન હોય તો તેવાં વિદ્યાર્થીઓ યુનિવર્સિટી ધ્વારા જાહેર કરેલ પરીક્ષા કેન્દ્રો પર જઈ પરીક્ષા આપી શકશે. પરીક્ષા કેન્દ્રોની યાદી હવે પછીથી યુનિવર્સિટીની વેબસાઈટ પર મુકવામાં આવશે.

૫. ઓનલાઈન પરીક્ષામાં નેગેટીવ માર્કીંગ રાખવામાં આવેલ નથી.

૬. પરીક્ષાર્થી એક વખત પ્રશ્નનો જવાબ ટીક કરે છે તે બદલી શકશે નહી.

૭. પરીક્ષાર્થીને ક્રમ નં. ૩માં દર્શાવેલ લાગુ પડતો સંપુર્ણ સમય આપવામાં આવશે. તેમજ એક પ્રશ્ન પરથી બીજા પ્રશ્ન પર જઈ શકાશે તેમજ પાછા પણ આવી શકાશે.

૮. તમામ પરીક્ષાઓનો વિગતવાર કાર્યક્રમ યુનિવર્સિટીની વેબસાઈટ પર મુકવામાં આવશે.

૯. પરીક્ષાઓના રજીસ્ટ્રેશન માટે પરીક્ષાર્થીએ ઓનલાઈન પરીક્ષા આપવા માટે જરૂરી આઈડી પાસવર્ડ માટે મોબાઈલ નંબર તથા ઈમેલ આઈડી અપડેટ કરવાનું ફોર્મ યુનિવર્સિટીની વેબસાઈટ www.ngu.ac.inમાં **Latest News & Events**માં **Update Mobile number and E-mail ID for Online Exam**માં મુકેલ છે. જેમાં બીજા તબકકામાં લેવાનાર પરીક્ષામાં જે વિદ્યાર્થીઓએ પરીક્ષાનું ફોર્મ ભરેલ હોય અને બેઠક નંબર યુનિવર્સિટી ધ્વારા ફાળવેલ હોય **તેવાં તમામે ડેટા અપડેટ કરવો ફરજીયાત છે.** જેથી ઓનલાઈન પરીક્ષા આપવા માટે જરૂરી લોગ ઈન આઈડી તેમજ પાસવર્ડ આપના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પર મેસેજ ધ્વારા તેમજ ઈમેલ આઈડી પર ઈમેલ ધ્વારા મોકલી શકાય.

૧૦. રજીસ્ટ્રેશન કરવામાં કોઈ તકલીફ પડે કે વિસંગતતા જણાય તો પરીક્ષાર્થીએ **hngusubjectcorrect@gmail.com** Email-ID ઉપર એનરોલમેન્ટ નંબર, જન્મ તારીખ તથા યુનિવર્સિટી ધ્વારા ફાળવેલ બેઠક નંબરની વિગતો સાથે Email કરવાનો રહેશે.

૧૧. વિદ્યાર્થીઓને તકલીફ ન પડે તેમજ ઓનલાઈન પરીક્ષા માટે સંપુર્ણ માર્ગદર્શન મળી રહે તે હેતુથી યુનિવર્સિટી ધ્વારા હેલ્પ સેન્ટર ચાલુ કરવામાં આવેલ છે. હેલ્પ સેન્ટરમાં કામ કરનાર કર્મચારીના નામ તથા મોબાઈલ નંબર નીચે મુજબ છે. જેમનો સંપર્ક ઓફિસ સમય દરમ્યાન એટલે કે સવારે ૧૦.૩૦ થી સાંજે ૬–૦૦ દરમ્યાન કરવો.

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી કમલેશભાઈ સોલંકી | – | ૯૮૨૪૯ ૮૮૫૦૯ |
| ૨. | શ્રી નિર્મલભાઈ ભાટીયા | – | ૯૩૨૭૬ ૬૮૬૦૯ |
| ૩. | શ્રી રમેશભાઈ ઠાકોર | – | ૯૯૭૮૮ ૨૧૯૪૦ |

**ઓનલાઈન પરીક્ષા માટે મોબાઈલ નંબર – ઈમેલ આઈડી અપડેટ કરવાની સમયમર્યાદા**

**શરૂ થવાની તાઃ ૧૨ / ૦૮ / ૨૦૨૦**
**પુર્ણ થવાની તા. ૧૫/૦૮/૨૦૨૦એ બપોરે ૧૨:૦૦ કલાક સુધી**

**ખાસ સૂચના :–**
**બી.એ. સેમ–૬, બી. કોમ. સેમ–૬, બી.એસ.સી. સેમ–૬ તથા બી.એડ. સેમ–૨ અને ૪ની પરીક્ષાનો મોક ટેસ્ટ તા. ૧૬/૦૮/૨૦૨૦ના રોજ લેવામાં આવશે. આ અંગેની તમામ વિગતો સમય, આઈડી, પાસવર્ડ વગેરે તા. ૧૪/૦૮/૨૦૨૦ના રોજ સાંજે યુનિવર્સિટીની વેબસાઈટ પરથી જાહેર થશે.**

સહકારની અપેક્ષા સહ,

E-mail ID : **hngusubjectcorrect@gmail.com**

(મિતુલ દેલીયા)
કા.પરીક્ષા નિયામક

નકલ રવાના :–

૧. ડીનશ્રી, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા સંબંધિત પરીક્ષાના ચેરમેનશ્રીઓ તરફ જાણ વ ઘટતી કાર્યવાહી સારૂ

૨. કુલપતિશ્રી / કુલસચિવશ્રી / મુખ્ય હિસાબી અધિકારીશ્રી તરફ જાણ સારુ.

૩. મદદનીશ કુલસચિવશ્રી, કચેરી અધિક્ષકશ્રી, હેડ કલાર્ક (પરીક્ષા તથા એકેડેમિક શાખા).

૪. કાર્યાલય / પરીક્ષા વિભાગ નોટીસ બોર્ડ.

૫. હેમ.ઉ.ગુ.યુનિ. પૂછપરછ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારુ.

૬. સિસ્ટમ એનાલિસ્ટશ્રી (વેબસાઈટ પર મૂકવા માટે).